દાખલ તારીખ :– ૨૮–૧૦–૨૦૨૧
રજીસ્ટર તારીખ :– ૨૮–૧૦–૨૦૨૧
ફેસલ તારીખ :– ૧૩–૦૩–૨૦૨૬
**સમય ગાળો:–** વર્ષ–માસ–દિવસ
૦૪– ૦૪ – ૧૬

**મે.વસોના પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.શ્રીની કોર્ટમાં,**
**મુ.વસો.જી.ખેડા–નડીયાદ**

**રેગ્યુ.દિવાની મુકદમા નંબર :–૨૦/૨૦૨૧**
**આંક :**

**વાદીઓ :–** (૧) રેવાબેન મોહનભાઈ પરમાર
ઉ.વ.આ.પુખ્ત, ધંધો–ઘરકામ,
રહે.નગરામા, તા.માતર, જી.ખેડા
(૨) વિમળાબેન મોહનભાઈ પરમાર,
ઉ.વ.આ.પુખ્ત, ધંધો–ઘરકામ,
રહે.સીલોડ, તા.નડીઆદ, જી.ખેડા

**વિરૂઘ્ઘ**

**પ્રતિવાદીઓ:–** રાવજીભાઈ શકરાભાઈ પરમાર, **(મરણ પામેલ છે.)**
ઉ.વ.૪૫, ધંધો–વેપાર,
ઉ.વ.આ.પુખ્ત, ધંધો–ઘરકામ,
રહે.દાવડા, તા.નડીઆદ, જી.ખેડા

**(પ્રતિવાદી તરફે વારસો જોડવાની અરજી આંક–૫૭ હેઠળ મંજુર થતા તે પૈકી કુલ ૪ વારસો જોડવામાં આવેલ––**

(૧) શાન્તાબેન તે રાવજીભાઈ શકરાભાઈ પરમાર
ઉવ.આ.૬૪,ધંધો.ઘરકામ
રહે.પ્રાથમીક શાળા,મુ.પો.દાવડા,તા.વસો,જી.ખેડા
(૨) સોનલબેન તે રાવજીભાઈ શકરાભાઈ પરમાર
ઉવ.આ.૪૦,ધંધો.ઘરકામ
રહે.મુ.ત્રાજ,તા.માતર,જી.ખેડા
(૩) હસમુખભાઈ રાવજીભાઈ શકરાભાઈ પરમાર
ઉવ.આ.૩૭,ધંધો.ખેતી
(૪) હિતેશભાઈ રાવજીભાઈ શકરાભાઈ પરમાર

ઉવ.આ.૩પ,ધંધો.ખેતી
રહે.પ્રાથમીક શાળા,મુ.પો.દાવડા,તા.વસો,જી.ખેડા

**<u>દાવો રુા.૧૦૦૦/– ના આંકથી ડેકલેટરી રીલીફ મેળવવા માટે દાવો</u>**

---

વાદીઓ તરફે વિ. વકીલ શ્રી : એ.એ.બ્રહમભટ્ટ
પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી : સી.જી.શર્મા

---

## –: ઠરાવ :–

(૧) આ કામે વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી દાવા અરજીના મથાળે લખ્યા મુજબના સરનામે પોતાના પરિવાર સાથે રહે છે. વાદીઓના પિતા મોહનભાઈ સોમાભાઈની કબજા ભોગવટા અને માલીકીની ખેતીની જમીન મોજે દંતાલી, તા.વસોની સીમમાં આવેલી છે જેનો સર્વે નં.પ૧૪ ખાતા નં.૪૯૨ આવેલ છે જેનુ કુલ ક્ષેત્રફળ ૦–૪૦–૪૭ આવેલ છે સદર જમીનમાં વાદીઓના નામે રેવન્યુ રેકર્ડમાં વારસાઈ ફેરફાર નોંધ નં.૩૨૮૬ થી દાખલ કરવામાં આવેલ છે.વાદીઓના પિતા મોહનભાઈ સોમાભાઈ પરમારને આ કામના પ્રા.વાદી સાથે ખુબ ઘર જેવા અંગત સબંધો હતા અને તેઓના લગ્ન થઈ ગયેલ હોઈ તેમના પિતાને ઉંમરના કારણે ખેતી કામ કરવા માટે તકલીફ પડતી હોઈ આ કામના પ્રતિવાદીને મિત્રભાવે મદદ માટે બોલાવતા હતા અને તે ખેતી કામમાં મદદરૂપ થતા હતાં.વાદીઓના પિતાના મૃત્યુબાદ પ્રા.વાદીએ જણાવેલ કે તમે ખેતીની ચિંતા કરશો નહી હું તમારી ખેતી કરીને તમને જે ઉપજ આવશે તે આપીશ અને મારો ખર્ચ તથા મહેનતાણું લઈ લઈશ જેથી તેઓએ પ્રતિવાદીની વાત ઉપર ભરોસો રાખેલ હતો અને ખેતી કામ ચાલુ રાખવા જણાવેલ હતું. વાદીના પિતાના અવસાન બાદ અવસાન બાદ આ કામના પ્રતિવાદી વાદીને જણાવતા કે પાક બરાબર થતો નથી તથા ઓછો થાય છે, તેવા બહાના બતાવીને કોઈ ઉપજ આપતા નહી તથા વાદી પોતની સાસરીમાં હોઈ પ્રતિવાદી જે કહે તે વાત માની લેતા હતાં પરંતુ વાદીનાઓ જણાવતા હતા કે પ્રતિવાદી ખોટુ બોલે છે તેથી તેઓએ તેમને તેમની ખેતીની જમીનનો કબજો પરત સોંપી દેવા માટે જણાવેલ હતુ પરંતુ તેઓ આપી દઈશ તેવુ કહેતા પણ વાદીને બોલાવી તેમની જગ્યાનો કબજો સોંપેલ નથી.આજથી બે ત્રણ મહીના પહેલા વાદીઓએ સદર ખેતીની જમીનનો કબજો સોંપી દેવા માટે

જણાવેલ તો તેમણે જણાવેલ કે તમારા પિતાને મેં પૈસા આપેલ છે તથા આ જમીન મને આપી દીધેલ છે જેની વાદીએ તમને કોઈ લખાણ કે વિગત હોય તો આપવા જણાવેલ તથા જો કોઈ રકમ લીધાનુ સાબિત થશે તો તે રકમ આપવા વાદી બંધાયેલા છે તેમ છતાં આજદિન સુધી પ્રતિવાદીએ વાદીને કોઈ લખાણ આપેલ નથી. સદર હકીકત હોઈ વાદીએ તા.૨૮/૭/૨૦૨૧ ના રોજ તેમના વકીલ મારફતે નોટીસ આપેલી જે પ્રતિવાદીને મળી ગયેલ છે તથા તાઃ ૧૦/૮/૨૦૨૧ ના રોજ પ્રતિવાદીએ નોટીસનો જવાબ આપેલ છે પરંતુ કોઈપણ લખાણ કે વિગત મોકલેલ નથી તથા બેજવાબદાર અને ખોટો જવાબ બનાવટી હકીકતો ઉપજાવી કાઢી આપેલ છે તથા અઘાટ વેચાણથી પ્રત્યક્ષ કબજો સોપ્યાનુ જણાવેલ છે તથા બીજી તરફ વીલથી માલીકી હકક મળેલ છે તેવુ જણાવેલ છે પરંતુ આવુ કહેવાતુ કોઈ વીલ મોકલેલ નથી.

વધુમાં દાવાનુ કારણ જણાવતા વાદી જણાવે છે કે, મોજે દંતાલી, તા.વસોની સીમમાં આવેલી ખેતીની જમીન કે જેનો સર્વે નં.૫૧૪, ખાતા નં. ૪૯૨, તથા તેનુ ક્ષેત્રફળ ૦–૪૦–૪૭ આવેલ છે તે જમીન વાદીઓના પિતા મોહનભાઈ સોમાભાઈની કબજા ભોગવટા અને માલીકીની આવેલી છે તે મળી પિતાના મિત્ર અને આ કામના પ્રતિવાદી તેમના અવસાન બાદ વાદીનાઓના લગ્ન થઈ ગયેલ હોઈ જમીનનો વહીવટ કરતા આ પરંતુ ત્યારબાદ વાદીને કોઈ ઉપજ કે રકમ નહી આપતા સદર જગ્યાનો વારંવાર વાદીએ કબજો આપવા જણાવવા છતાં ગેરકાયદેસર કબજો કરેલ હોઈ તેઓ છોડતા નહી હોવાથી તા:૨૮/૭/૨૦૨૧ ના રોજ વકીલ મારફતે લીગલ નોટીસ આપતા તેમણે સદરહું નોટીસનો તા: ૧૦/૮/૨૦૨૧ ના રોજ ખોટો જવાબ આપી તેઓએ વાદીના પિતા પાસેથી વેચાણ રાખેલ છે તથા વસીયતના આધારે મળેલ છે તેઓ ઉડાઉ જવાબ આપી વાદીનાઓને તેમની જમીનનો કબજો પરત અપાવવાનો ઈન્કાર કરતા તથા કાયદેસરના હકકોને માનવાનો ઈન્કાર કરતાં આ દાવો કરવાનુ કારણ ના.કોર્ટની સ્થાનિક હકુમતમાં ઉભુ થયેલ છે.

વધુમાં વાદી તરફે દાદ માંગવામાં આવેલ છે કે, (એ) મોજે દંતાલી, તા.વસોની સીમમાં આવેલ ખેતીની જમીન કે જેનો સર્વે નં.૫૧૪ ખાતા નં.૪૯૨, ક્ષેત્રફળ ૦–૪૦–૪૭ કે જે વાદીઓના નામે આવેલ છે તે જમીનમાં પ્રતિવાદીનો કબજો ગેરકાયદેસરનો છે. તેવું ઠેરવવા, તથા (બી) સદર જમીનનો પ્રત્યક્ષ ખાલી કબજો પ્રતિવાદી વાદીનાઓને સોંપી દે તેવો હુકમ કરવા, તથા (સી) ના.કોર્ટને યોગ્ય લાગે

તેવી હરકોઈ દાદ અપાવવા તથા(ડી) આ દાવાનુ તમામ ખર્ચ અપાવવાનો હુકમ તથા વાદીની તરફેણમાં ને પ્રતિવાદીઓ વિરૂધ્ધ હુકમનામું કરી આપવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) વાદીના દાવાના સમન્સ/નોટીસો પ્રતિવાદીઓને બજી જતા પ્રતિવાદીનાઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ વાદીની દાવા અરજી તથા મનાઈ હુકમ મેળવવાની અરજીનો લેખિત જવાબ આંક–૦૭ થી રજુ કરેલ છે અને જણાવેલ છે કે, વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીમા જણાવેલ  હકીકતો ખરી ન હોવાનુ જણાવી, ખરી હકીકતે જણાવેલ છે કે,  વાદીઓના પિતા અને પ્રતિવાદીના પિતા શકરાભાઈ સગા કાકાના દિકરાની રૂઈએ ભાઈ થતા હોઈ પ્રતિવાદીના કાકા થતા હતાં અને તેમને સંતાનમાં વાદીઓ બે દિકરીઓ હતી, દિકરો ન હતો, તેમજ તેઓની આર્થિક સ્થિતિ તેમજ શારીરીક સ્થિતિ સારી ન હતી, તેઓ દાવાવાળી જમીનનો રજી.વેચાણ દસ્તાવેજ કરી આપવા ઈચ્છતા હતા, પરંતુ દમ અને શ્વાસો શ્વાસથી પીડીત અને પથારીવશ હતા, તેથી રજી.વેચાણ દસ્તાવેજ કરી શકેલ નહી પરંતુ તેઓએ ચાર સાક્ષીઓની રૂબરૂ વેચાણ કરાર કરી આપેલ છે, પ્રતિવાદીએ વેચાણ કરારમાં ચુકવેલ રકમ ઉપરાંત દવા, સારવાર, અને લગ્નનો ખર્ચ પણ ભોગવેલ છે, સદર રકમના અવેજ, સાક્ષીઓની રૂબરૂ અને વાદીઓની જાણમાં કરી આપેલ છે, તે અગાઉથી પ્રતિવાદી દાવાવાળી જમીનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો ધારણ કરતા હતા તેઓ તાઃ૩/૬/૦૩ ના રોજ ગુજરી જતાંતેમની અંતિમ વીધીનો તમામ ખર્ચ  પ્રતિવાદીએ વાદીઓની જાણમાં કરેલ છે છતાં વાદીની દાનત ખરાબ થયેલ છે તેથી હાલનો દાવો કરેલ છે. એટલુ જ નહી પરંતુ સદર જમીનના સંરક્ષણ ગણોતીયા પ્રતિવાદીના પિતાના દાદા અને વાદીઓના પિતાના દાદા સ્વ.ભાથીભાઈ ડુગરભાઈ ફે. નોંધ નં. ૬૪૨. થી હોઈ સદર જમીનમાં પ્રતિવાદીનો ૧/૨ હિસ્સો પોષાતો હતો પરંતુ વાદીઓના પિતા સ્વ.મોહનભાઈએ કહેલ કે, મારી હયાતી બાદ દાવાવાળી જમીન તારી છે, તારે કંઈ કરવાની જરૂર નથી, તેથી પ્રતિવાદીએ હિસ્સો મેળવવા માટે કોઈ કાર્યવાહી કરેલ નહી પરંતુ સ્વ.મોહનભાઈના શબ્દોને માન આપેલુ સદર જમીન ગણોત હકકે મળેલ તેની રકમ પ્રતિવાદીએ જાતે ભરપાઈ કરેલી છે તેમજ સદર જમીન ગણોતહકકે મળતા નવી શરતની હોઈ સદર જમીનને જુનીશરતમાં રૂપાંતર કરવા માટે ચલણથી રકમ પ્રતિવાદીએ ભરેલ છે. જેથી વાદીઓ દાદ મેળવવા હક્કદાર ન હોય દાવો રદ થવા પાત્ર છે.

(૩) ત્યારબાદ આ કામે વાદી તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| **ક્રમ** | **વાદી સાહેદનુ નામ** | **આંક** |
|---|---|---|
| ૧ | વાદી નં. ૨ વિમળાબેન મોહનભાઈ પરમારનું સરતપાસનુ સોગંદનામુ | ૨૩ |
| ૨ | વાદી તરફે પ્રતિવાદીના સાહેદ રતિલાલ શકરાભાઈ પરમારની સરતપાસની એફીડેવીટ ડીસ્કાર્ડ કરવાની અરજી | ૬૪ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| **ક્રમ** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | વાદી તરફે કાઉન્ટર કલેઈમની અરજી તથા લેખીત જવાબનો સંયુકત લેખિત જવાબ | ૧૭ |
| ૨ | નોટીસ મળ્યાની એકનોલેનમેન્ટ રીસીપ્ટ | ૨૭ |
| ૩ | મોજે દંતાલી મુકારે આવેલ સર્વે નં.૫૧૪ ખાતા નં.૪૯૨ ક્ષેત્રફળ ૦–૪૦–૪૭ ની ૭/૧૨ ની નકલ | ૨૮ |
| ૪ | વાદીઓએ પ્રતિવાદીને આપેલ નોટીસ | ૨૯ |
| ૫ | પ્રતિવાદીએ આપેલ નોટીસના જવાબની નકલ | ૩૦ |

ત્યાર બાદ વાદી તરફે **આંક–૩૩** થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૪) ત્યારબાદ આ કામે પ્રતિવાદી તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| **ક્રમ** | **પ્રતિવાદી સાહેદનુ નામ** | **આંક** |
|---|---|---|
| ૧ | પ્રતિવાદી રાવજીભાઈ શકરાભાઈ પરમારનુ સરતપાસનુ સોગંદનામુ | ૩૫ |
| ૨ | પ્રતિવાદી તરફે સાક્ષી બબુબેન પુનમભાઈ સોલંકીનુ સરતપાસનુ સોગંદનામુ | ૫૪ |
| ૩ | **પ્રતિવાદી તરફે સાક્ષી રતીલાલ શકરાભાઈ પરમારનુ સરતપાસનુ સોગંદનામુ** | **૬૩** |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| **ક્રમ** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | કાઉન્ટર કલેઈમ | ૦૯ |
| ૨ | પ્રતિવાદી તરફે કાઉન્ટર કલેઈમ સામે વાંધાઓનો જવાબ | ૧૮ |

| | | |
|---|---|---|
| ૩ | વાદીના વડીલે રૂા.૨૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર પ્રતિવાદીની તરફેણમાં કરી આપેલ અસલ વેચાણ કરાર | ૩૭ |
| ૪ | દાવાવાળી જમીનના નવી શરતમાંથી જુની શરતમાં રૂપાંતર પેટે ભરવાપાત્ર રૂા.૨૧૦/– ની નોટીસ અસલ | ૩૮ |
| ૫ | દાવાવાળી જમીનના નવી શરતમાંથી જુની શરતમાં રૂપાંતર કરવા ભરેલ રકમ રૂા.૨૧૦/– ની પાવતી | ૩૯ |
| ૬ | વાદીના સ્વ.વડીલ મોહનભાઈ સોમાભાઈ અને પ્રતિવાદીના વડીલ શનાભાઈ ભાથીભાઈ ભાઈઓ થતા હોય તે બાબતનુ પેઢીનામું અસલ | ૪૦ |
| ૭ | દાવાવાળી જમીનના ૧૯૮૧ ના ૭/૧૨ ના ઉતારાની પ્રમાણીત નકલ. | ૪૧ |
| ૮ | વાદીઓના વડીલના મૃત્યુ પાછળ મુકતીધામમાં અસ્તી વિર્સજન પેટે ભરેલ પાવતી | ૪૨ |
| ૯ | મરણોત્તર ક્રિયામાં દાનપેટે ચુકવેલ રકમની પાવતી અસલ | ૪૩ |
| ૧૦ | દાવાવાળી જમીનની માપણી પેટે ભરેલ ચાર્જની પાવતી | ૪૪ |
| ૧૧ | દાવાવાળી જમીનની મહેસુલ ભર્યાની પાવતી | ૪૫ |
| ૧૨ | દાવાવાળી જમીનની મહેસુલ ભર્યાની પાવતી | ૪૬ |
| ૧૩ | દાવાવાળી જમીનની મહેસુલ ભર્યાની પાવતી | ૪૭ |
| ૧૪ | દાવાવાળી જમીનની મહેસુલ ભર્યાની પાવતી | ૪૮ |
| ૧૫ | દાવાવાળી જમીનની મહેસુલ ભર્યાની પાવતી | ૪૯ |
| ૧૬ | દાવાવાળી જમીનની મહેસુલ ભર્યાની પાવતી | ૫૦ |
| ૧૭ | પ્રતિવાદી તરફે મૃત્યુની જાહેરાત | ૫૫ |
| ૧૮ | ગુજરનાર રાવજીભાઈ શકરાભાઈ પરમારનો મરણનો દાખલો | ૫૬/૧ |
| ૧૯ | ગુજરનાર રાવજીભાઈ શકરાભાઈ પરમારનું પેઢીનામું | ૫૬/૨ |

(૫) આ કામે વાદીઓ તરફે તેમના વિ.વ.શ્રીએ આંક–૬૭ થી લેખીત દલીલો રજુ રાખેલ છે. તેમજ પ્રતિવાદીઓ તરફે તેમના વિ.વ.શ્રીએ આંક–૬૮ થી લેખીત દલીલો રજુ રાખેલ છે. પક્ષકારોની લેખીત દલીલ વંચાણી લીધી. વાદી તથા પ્રતિવાદી તરફે તેમના વિ.વ.શ્રીએ મૌખીક દલીલો કરેલ હોય જે ધ્યાને લીધી.

(૬) આ કામે સદરહુ દાવાના નિર્ણય અર્થે અમારા પુરોગામી ન્યાયાધીશશ્રી દવારા આંક–૨૦ થી નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલ છે.

| | |
|---|---|
| **મુદ્દા નંબર–૧** | શુ વાદી પુરવાર કરે છે કે દાવાવાળી મિલ્કત ઉપર પ્રતિવાદીનો કબજો ગેર કાયદેસર છે? |

| | |
|---|---|
| **મુદ્દા નંબર–૨** | શુ પ્રતિવાદી પુરવાર કરે છે કે દાવાવાળી મિલ્કત વાદીઓના પિતાશ્રીએ રૂા. ૧,૦૫,૦૦૦/–મા વેચાણ કરાર કરી દાવાવાળી મિલ્કતનો પુરેપુરો અવેજ પ્રતિવાદી પાસેથી સ્વિકારી દાવાવાળી પ્રતિવાદીને સોંપી આપેલ? મિલ્કતનો કબજો |
| **મુદ્દા નંબર–૩** | શુ પ્રતિવાદીના પ્રતિદાવાને સમય મર્યાદાનો બાધ નડે છે? |
| **મુદ્દા નંબર–૪** | શુ વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે? |
| **મુદ્દા નંબર–૫** | શુ પ્રતિવાદી સાબિત કરે છે કે તેઓ દાવાવાળી મિલ્કતના વેચાણ કરારના આધારે દાવાવાળી મિલ્કતનો રજી. વેચાણ દસ્તાવેજ કરી આપવાની દાદ મેળવવા હકદાર છે? |
| **મુદ્દા નંબર–૬** | શું હુકમ અને હુકમનામુ? |

(૭) ઉપરોકત મુદ્દાઓના અત્રેની અદાલતના નિર્ણયો કારણો સહીત નીચે મુજબના છે.

| | |
|---|---|
| **મુદ્દા નંબર–૧** | **નકારમાં** |
| **મુદ્દા નંબર–૨** | **હકારમાં** |
| **મુદ્દા નંબર–૩** | **નકારમાં** |
| **મુદ્દા નંબર–૪** | **નકારમાં** |
| **મુદ્દા નંબર–૫** | **હકારમાં** |
| **મુદ્દા નંબર–૬** | **આખરી હુકમ મુજબ** |

## **: કારણો :**

**મુદ્દા નં. ૧ થી ૬–**

(૮) હાલનો દાવો વાદી તરફે મોજે દંતલી તા.વસોના સીમની ખેતીની સર્વે નંબર–૫૨૪ ખાતા નં.–૪૯૨ વાળી ક્ષેત્રફળ ૦–૪૦–૪૭ વાળી જમીનમાં પ્રતિવાદીનો કબજો ગેરકાયદેસરનો છે. તેમ ઠરાવી દાવાવાળી જમીનનો કબજો વાદીને સોંપી દે તેવી દાદ મેળવવા માટે દાખલ કરવામાં આવેલ છે. પ્રતિવાદી તરફે આંક–૭ થી દાવાનો જવાબ રજૂ કરવામાં આવેલ છે. જેમાં તેઓ ખરી હકીકતે જણાવે છે કે, વાદીઓના પિતા અને પ્રતિવાદીના પિતા શકરાભાઈ સગા કાકાની દીકરાની રૂએ ભાઈ થતા હોય વાદી પ્રતિવાદીના કાકા થતા હતા અને તેમને સંતાનમાં બે દીકરીઓ હતી, દિકરો ન હતો. તેમની આર્થિક અને શારીરિક સ્થિતિ સારી ન હતી. તેઓ દાવાવાળી જમીનનો પ્રતિવાદીની તરફેણમાં રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપવા ઈચ્છતા હતા. પરંતુ

તેમને દમ અને શ્વાસની તકલીફથી તેઓ પીડાતા હોય પથારીવશ હતા જેથી રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી શકેલ નહી. જેથી પ્રતિવાદીને ૪ સાક્ષીઓની રૂબરૂમાં વેચાણ કરાર કરી આપેલ અને વેચાણ કરારમાં પ્રતિવાદીએ ચૂકવેલ રકમ ઉપરાંત વાદીના ઘરનો, દવા–સારવારનો અને લગ્નનો ખર્ચો પણ પ્રતિવાદીએ ભોગવેલ છે. દાવાવાળી જમીનની અવેજ રકમ વાદીઓની જાણમાં સાક્ષીઓ રૂબરૂ પ્રતિવાદીએ ચૂકવેલ છે. વાદીના પિતા તા.૦૩–૦૬–૨૦૦૩ ના રોજ ગુજરી જતા તેમની અંતિમ વિધિનો તમામ ખર્ચ પણ પ્રતિવાદીએ ભોગવેલ છે. આમ, વાદીએ હાલનો ખરાબ દાનતથી ખોટો દાવો કરેલ છે. જેથી દાવો નામંજુર કરવા વિનંતી કરેલ છે. વધુમાં પ્રતિવાદી તરફે આંક–૦૯ થી કાઉન્ટર ક્લેઈમ રજૂ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ દાવાવાળી જમીન ઉપર વાદીએ યુનિયન બેંક ઓફ ઇંડિયા વસો શાખાનો રૂ.૧,૨૫,૦૦૦/– નો બોજો કરેલ છે. તે હટાવી લઈ કરારનું વિશિષ્ટ પાલન કરી પ્રતિવાદીની તરફેણમાં રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપે તેવી દાદ માંગેલ છે. ત્યારબાદ આંક–૧૭ થી વાદી તરફે કાઉન્ટર ક્લેઈમનો જવાબ તથા પ્રતિવાદીના દાવા જવાબનો જવાબ રજૂ રાખવામાં આવેલ છે. તેમાં તેઓ પ્રતિવાદીના કાઉન્ટર ક્લેઇમનો તથા દાવા જવાબની તમામ વિગતોનો ઈનકાર કરી પોતાની દાવા અરજીની વિગતોનું પુનરાવર્તન કરેલ છે. ત્યારબાદ આંક–૧૮ થી પ્રતિવાદી તરફે વાદીના આંક–૧૭ વાળા કાઉન્ટર ક્લેઈમના જવાબનો જવાબ રજૂ કરેલ છે. તેમાં તેઓએ પોતાનો દાવા જવાબ તથા કાઉન્ટર ક્લેઇમની વિગતોને સમર્થન કરેલ છે. તથા વાદીએ આંક–૧૭ થી રજૂ રાખેલ જવાબની વિગતોનો ઈનકાર કરેલ છે. ત્યારબાદ મારા પુરોગામી સાહેબશ્રીએ પણ દાવાના ન્યાય નિર્ણય અર્થે મુદ્દા ઉપસ્થિત કરેલ છે જેમાં સૌપ્રથમ મુદ્દાની સાબિતીનો બોજો વાદીના શિરે છે. જેમાં વાદીએ સાબિત કરવાનું છે કે, દાવાવાળી મિલકત ઉપર પ્રતિવાદીનો કબજો ગેરકાયદેસર છે. જે અંગે નોંધવાનું કે, વાદીએ પોતાની અરજીના સમર્થનમાં આંક–૨૩ થી સરતપાસનું સોગંદનામું રજૂ રાખેલ છે. જેમાં તેઓએ પોતાની દાવા અરજીને સમર્થન કરતી વિગતો જણાવેલ છે. તેઓની વિગતવાર ઉલટ તપાસ પ્રતિવાદીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ છે. જેમાં તેઓ સ્વીકારે છે કે, તેમના લગ્ન ૧૯૮૨ ની સાલમાં નગરમાં તા.માતર મુકામે થયેલ, લગ્ન બાદ તેઓ મોટે ભાગે તેમની સાસરીમાં રહેતા હતા. તેમના પિતાને સંતાનમાં બે દીકરીઓ છે, કોઈ ભાઈ નથી. રેવાબેન તેમના મોટા બેન છે અને તેઓ હિલોલ, તા. નડીઆદ ખાતે પરણાવેલ છે. રેવાબેન પણ લગ્ન બદ મોટા ભાગે તેણીના સાસરી મુકામે રહેતા હતા.

દાવાવાળી જમીન તેમના લગ્ન પછી રાવજીભાઈ શકરાભાઈ વાવે છે. તેમના પિતાને રાવજીભાઈ શકરાભાઈ સાથે ઘર જેવા સંબંધ હતા. દાવાવાળી જમીન તેમના પિતાને ગણોતધારામાં મળેલ. તેમના પિતાને શ્વાસની બિમારી હોવાથી ખેતીકામ પ્રતિવાદી સંભાળતા હતા. શ્વાસની બિમારીના કારણે તેમના પિતા ખેતીકામ કરી શકતા ન હતા. હાલમાં પણ પ્રતિવાદી દાવાવાળી જમીનમાં ખેતીકામ કરે છે. તેમના માતા-પિતા ગુજરી ગયા બાદ તેમની પાછળ મરણોત્તર વિધિ પ્રતિવાદીએ કરેલી. તેમના પિતા ગુજરી ગયા બાદ આજની તારીખે પણ દાવાવાળી જગ્યાનો કબજો પ્રતિવાદી પાસે છે. તેમના બેન રેવાબેન નિ:સંતાન છે. આમ, વાદીની ઉલટતપાસ ધ્યાને લેતા પ્રતિવાદીએ બળજબરી પુર્વક વાદી પાસેથી જમીનનો કબજો પડાવી લીધેલ હોય તેવું જણાઈ આવતું નથી. વાદીના પિતાએ પ્રતિવાદીને ખેડવા માટે જમીન આપેલ હોવાનું જણાઈ આવે છે.વાદીના પિતા બિમાર હોય અને બન્ને વાદીઓ પોતપોતાની સાસરીમાં રહેતા હોય માટે ખેતીકામ કરવા સદર ખેતીની જમીન વાદીના પિતાએ પ્રતિવાદીને આપેલ હોવાનું જણાઈ આવે છે. ત્યારબાદ આંક-૩૩ થી વાદી તરફે પુરાવો પૂરો થયાની પુરસીસ રજૂ રાખવામાં આવેલ છે. ત્યારબાદ પ્રતિવાદી તરફે આંક-૩૪ વાળા દસ્તાવેજી પુરાવા લિસ્ટથી આંક-૩૭ થી ૫૦ સુધીના દસ્તાવેજી પુરાવા રજૂ રાખવામાં આવેલ છે. ત્યારબાદ આંક-૩૫ થી પ્રતિવાદી રાવજીભાઈ શકરાભાઈ પરમારની સરતપાસનું સોગંદનામું રજૂ છે. તેઓએ પોતાના દાવા જવાબ તથા કાઉન્ટર ક્લેઈમની વિગતોને સમર્થન કરતી કરતું સોગંદનામું રજૂ કરેલ છે. તેમની વિગતવારની ઉલટતપાસ વાદીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ છે. જેમાં તેઓ સ્વીકારે છે કે, આંક-૩૭ વાળો કરાર તા.૨૪/૦૭/૨૦૦૦ ના રોજ ઘરે બેઠા અનરજિસ્ટર્ડ કરેલો. તેઓએ પોતાના સરતપાસના સોગંદનામામાં જણાવેલ છે તે મુજબ મોહનભાઈની સારવાર તથા દીકરીના લગ્ન પાછળ કરેલ ખર્ચ બાબતે કોઈ વિશ્વાસપાત્ર આધાર પુરાવો રજૂ કરેલ નથી. મોહનભાઈ સોમાભાઈ ગુજરી ગયા પહેલાથી તેઓ ઘણા સમયથી બિમાર હતા. મોહનભાઈ બિમાર રહેતા જેથી તેઓના ખેતરની દેખરેખ પ્રતિવાદી રાખતા હતા. તે વખતે મોહનભાઈની દીકરી એટલે કે આ કામના વાદીઓ સાસરીએ હતા. આમ, પ્રતિવાદીની ઉલટતપાસ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, પ્રતિવાદી અને વાદીના પિતા વચ્ચે તા.૨૪/૦૭/૨૦૦૦ ના રોજ ઘરે બેઠા અનરજિસ્ટર્ડ વેચાણ કરાર કરવામાં આવેલ છે. તેઓએ વાદીના પિતા મોહનભાઈની સારવાર તથા વાદીના લગ્ન પાછળ કરેલ ખર્ચ બાબતે કોઈ આધાર પુરાવો રજૂ રાખેલ નથી. આમ,

વાદીના પિતા મોહનભાઈ બિમાર રહેતા હતા. મોહનભાઈની મરજીથી મોહનભાઈની બન્ને દીકરીઓ સાસરે હોય તેમના ખેતરની દેખરેખ રાખવા માટે પ્રતિવાદીને ખેતરનો કબજો સોંપવામાં આવેલ છે.

ત્યારબાદ આંક-૫૪ થી પ્રતિવાદીના સાહેદ બબુબેન પુનમભાઈ સોલંકીનાઓને સોગંદ ઉપર સરતપાસ રજૂ રાખવામાં આવેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, તેઓ વાદીના પિતા મોહનભાઈની બહેન અને વાદીઓની ફોઈ થાય છે. તેઓ આ કામના તમામ પક્ષકારોને સારી રીતે ઓળખે છે. તેઓ જણાવે છે કે, દાવાવાળી જમીનની તમામ વ્યવસ્થા આજદીન સુધી પ્રતિવાદી રાવજીભાઈ કરતા હતા. દાવાવાળી જમીન વાદીના પિતાએ તેઓને અંદરો અંદર સગપણ હોય રાવજીભાઈને વેચાણ આપી દીધેલ છે અને તેઓ ખેડી વાવી ગુજરાન ચલાવે છે. તેઓ જણાવે છે કે, વાદીના પિતા મોહનભાઈ અને પ્રતિવાદી વચ્ચે વેચાણ કરાર ઉપર સહીઓ થયેલી તે વખતે સાહેદ ત્યાં હાજર હતા અને સાહેદના રૂબરૂમાં તેઓએ વેચાણ કરાર ઉપર સહી કરેલી. વેચાણ કરાર ઉપર સાહેદ પોતાના હાથના અંગુઠાનું નિશાન પણ ઓળખી બતાવે છે. તેઓની વિગતવારની ઉલટતપાસ વાદીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ છે. જેમાં તેઓ સ્વીકારે છે કે, આ વેચાણ કરાર રજીસ્ટર્ડ નથી. તેઓને દાવાવાળી જગ્યાના સર્વે નંબર વિશે ખ્યાલ નથી. તેઓને લખતા વાંચતા આવડતુ નથી, વેચાણ કરારમાં શું વિગત લખેલી છે તેની તેમને ખબર નથી. આ વેચાણ કરાર તેમને કોઈએ વાંચી સંભળાવેલ નથી. આમ, સાહેદની સમગ્ર જુબાની ઉપરથી જણાઈ આવે છે કે, સાહેદ વાદીના સગા ફોઈ થાય છે અને તેઓને વાદીના પિતા અને પ્રતિવાદી વચ્ચે થયેલ વેચાણ કરાર અંગેની જાણ છે. આ કરાર વખતે તેઓ સાક્ષી તરીકે હાજર રહેલા તેઓએ આ કરારમાં પોતાના અંગુઠાનું નિશાન પણ કરેલ છે. ત્યારબાદ આંક-૬૩ થી પ્રતિવાદીના સાહેદ રતિલાલ શકરાભાઈ પરમારની જુબાની રજૂ રાખવામાં આવેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, આ કામના વાદીના પિતા મોહનભાઈ તેમના કાકા થતા હતા અને વાદીઓ તેમના કાકાની દીકરીઓ બહેનો થાય છે. દાવાવાળી જમીન તેમના સગા કાકા મોહનભાઈના નામે છે પરંતુ પ્રતિવાદીનો પ્રત્યક્ષ કબજો ભોગવટો હોય અને તેઓ મોહનભાઈ જીવ્યા ત્યાં સુધી તેઓ તેમની સેવા કરતા હતા. મોહનભાઈને શ્વાસોશ્વાસ અને દંમની બિમારીથી તેઓ છેલ્લા ૧૫ વર્ષથી તેમની બન્ને દિકરી પરણાવી દીધેલ હોય મોહનભાઈ પ્રતિવાદી સાથે એકલા રહેતા હતા.તેઓની સારવાર પ્રતિવાદી કરતા હતા. બન્ને વાદીનો લગ્નનો ખર્ચો આ કામના પ્રતિવાદી રાવજીભાઈએ કરેલો અને આજદિન સુધીના વ્યવહાર પણ રાવજીભાઈ કરતા આવેલા છે. પ્રતિવાદી રાવજીભાઈ, મોહનભાઈની જમીન ખેડી વાવતા હતા અને મોહનભાઈનુ ભરણપોષણ અને સારવાર કરતા હતા. જેથી મોહનભાઈએ પોતાની હયાતીમાં અમારી રૂબરૂ આ જમીન રાવજીભાઈને વેચાણ આપી દીધેલ છે. તે વેચાણ કરારમાં સાક્ષી નંબર-૪ તરીકે સાહેદની સહી છે, જે તેઓ ઓળખી બતાવે છે. સદર જમીનના અવેજ પેટે

રૂ.૧,૦૫,૦૦૦/– નક્કી કરેલ તે સાહેદ રૂબરૂ પ્રતિવાદીએ સ્વર્ગીય મોહનભાઈને આપી દીધેલ છે. પરંતુ પોતાની બિમારીને લીધે મોહનભાઈ સબ રજીસ્ટારશ્રીની ઓફિસ સુધી જઈ શકેલ ન હોય, પાકો વેચાણ દસ્તાવેજ થઈ શકેલ નહી. મોહનભાઈની અંતિમ વિધિનો તમામ ખર્ચ પણ પ્રતિવાદીએ કરેલ છે. આ મુજબનું સરતપાસનું સોગંદનામું રજૂ કર્યા બાદ પોતાની ઉલટ તપાસ માટે હાજર ન રહેતા આંક–૬૪ હેઠળ હુકમ કરી સાહેદનું સોગંદનામું ડિસ્કાર્ડ કરી પ્રતિવાદીનો વધુ પુરાવો રજૂ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ વાદી તરફે આંક–૬૭ થી લેખિત દલીલો રજૂ રાખવામાં આવેલ છે જે વંચાણે લીધી. પ્રતિવાદી તરફે તેઓ જાતે કે વકીલ મારફત હાજર રહેલ ન હોય તેઓની દલીલ સાંભળવામાં આવેલ નથી.

(૯) હાલના કામે મુદ્દા નં.૧ માં વાદીએ દાવાવાળી મિલકતમાં પ્રતિવાદીનો કબજો ગેરકાયદેસર છે તે અંગે કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ રાખેલ નથી પરંતુ વાદીની ઉલટ તપાસ તથા પ્રતિવાદીના પુરાવા ઉપરથી રેકર્ડ ઉપર આવેલ છે કે, વાદીના પિતાએ જાતે પ્રતિવાદીને દા–વાવાળી જમીન ખેડવા આપેલ છે. વાદીના પિતા અને પ્રતિવાદી વચ્ચે થયેલ વેચાણ કરાર રજીસ્ટર્ડ દસ્તાવેજ નથી પરંતુ ગુજરનાર વાદીના પિતાએ પોતાની શારીરિક સ્થિતિને ધ્યાને લઈ પોતાની ખેતીની જમીનનો ઉપયોગ ઉપભોગ કરવા પ્રતિવાદીને આપેલ હોવાનું જણાઈ આવે છે અને પ્રતિવાદીએ વાદીઓ તથા વાદીઓના પિતા તરફેના તમામ વ્યવહારો તથા ખર્ચો કરેલ છે. જેથી દાવાવાળી મિલકત ઉપર પ્રતિવાદીનો કબજો ગેરકાયદેસર છે તેવું સા–બિત કરવામાં વાદી નિષ્ફળ નિવડેલ હોવાનું જણાઈ આવતું હોય **મુદ્દા નંબર–૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.**

(૧૦) મુદ્દા નંબર–૨ પરત્વે નોંધવાનું કે, મુદ્દા નંબર–૨ ની સાબિતીનો બોજો પ્રતિવાદીના શિરે છે. જે અંગે પ્રતિવાદીએ આંક–૩૭ વાળો વેચાણ કરાર રજૂ રાખેલ છે, તેમજ તે કરારના બે સાક્ષીઓ અનુક્રમે બબુબેનને આંક–૫૪ થી તથા રતિલાલભાઈને આંક–૬૩ થી તપાસેલ છે. જેમાં તેઓ વેચાણ કરાર વખતે હાજર હોવાનું અને વેચાણ કરાર મુજબ વાદીના પિતા મોહ–નભાઈ દાવાવાળી જમીન પ્રતિવાદીને વેચાણ આપવા માંગતા હોવાની તેમજ જમીનના અવેજ પેટે રૂ.૧,૦૫,૦૦૦/– પ્રતિવાદીએ વાદીના પિતાને આપેલ હોવાની વિગત જણાવેલ છે. આમ, રજૂ પુરાવા ઉપરથી પ્રતિવાદી વેચાણ કરારની ખરાઈ સાબિત કરી શકેલ છે તે બાબત હાલના તબક્કે નોંધવી જરૂરી જણાય છે કે, આ વેચાણ કરાર રજિસ્ટર્ડ દસ્તાવેજ નથી, પરંતુ આ કરાર દાવાવાળી જમીન પ્રતિવાદીને વેચાણ આપવાની વાદીના પિતાની આખરી ઈચ્છા તથા તૈયારી હોવાનું કરાર ઉપરથી જણાઈ આવે છે અને આ કરારના આધારે રૂ.૧,૦૫,૦૦૦/– અવેજ તરીકે વાદીના પિતાએ સ્વીકરી તેઓએ જાતે મિલકતનો કબજો પ્રતિવાદીને સોંપેલ હોવાનું પણ રજૂ પુરાવાઓ ઉપરથી સાબિત થતુ હોય **મુદ્દા નંબર–૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.**

(૧૧) મુદ્દા નંબર–૩ પરત્વે નોંધવાનું કે, હાલનો દાવો વાદી દ્વારા તા.–૧૨/૧૦/૨૦૨૧ ના રોજ લાવવામાં આવેલ છે અને તેઓએ પોતાની દાવા અરજીમાં દાવાનું કારણ પ્રતિવાદીના વકીલ મારફતે આપેલ લીગલ નોટિસનો જવાબ તા.૧૦/૦૮/૨૦૨૧ ના રોજ આપવામા આવેલ હોવાનું જણાવેલ છે. તેઓ પોતાની દાવાઅરજીમાં સ્વીકારે છે કે, તેમના પિતા મોહનભાઈનું મૃત્યુ થયું તે અગાઉ બન્ને બહેનોના લગ્ન થઈ ગયેલા અને આ બાબતે વાદી પોતાની ઉલટતપાસ પણ સ્વીકારે છે અને જણાવે છે કે, સને ૧૯૮૨ માં વાદી નં.–૨ ના લગ્ન થયેલા જ્યારે વાદી નંબર–૧ તેમના મોટા બહેન થાય છે અને તેમના લગ્ન પણ થઈ ગયેલા અને બન્ને બહેનો લગ્ન બાદ સાસરી મુકામે રહેતી હતી. તેમના પિતાનું મૃત્યુ ૨૦૦૩ ના વર્ષમાં થયેલ હોવાનું આંક–૪૩થી રજૂ દસ્તાવેજ ઉપરથી રેકર્ડ ઉપર આવે છે. આમ ૧૯૮૨ થી ૨૦૦૩ એટલે કે વાદીના પિતાના મૃત્યુ પામ્યા તેના ૨૧ વર્ષ પહેલાથી વાદીઓ તેમના પિતા સાથે રહેતા ન હતા અને પોતાની સાસરીમાં રહેતા હતા. તેમજ દાવાવાળી જમીન પ્રતિવાદી વાવતા અને ખેડતા હતા. વાદી પોતાની ઉલટતપાસમાં તેમ પણ સ્વીકારે છે કે, તેમના માતા–પિતા ગુજરી ગયા બાદની મરણોત્તર વિધિ પણ પ્રતિવાદીએ કરેલી, આમ, વાદી, વાદીના પિતા તથા પ્રતિવાદી વચ્ચે ખુબ સારા પારિવારીક સંબંધો હતા અને વાદીના પિતાએ પોતાની જાતે દાવાવાળી જમીન પ્રતિવાદીને વાવવા ખેડવા આપેલ છે, તેમ છતાં વાદીએ જે રજૂઆતો કરેલ છે તે યોગ્ય માનવામાં આવે તો પણ ૨૦૦૩ ના વર્ષમાં તેમના પિતાના અવસાન બાદ તેઓએ પ્રતિવાદી સામે મિલકતનો કબજો પરત મેળવવા કોઈ પણ પ્રકારની કાયદેસરની કાર્યવાહી કરેલ નથી. વધુમાં, તેઓએ પોતાની દાવાઅરજીમાં પણ સમય મર્યાદા બાબતે મોઘમ વિગતો જણાવેલ છે. આમ, વાદીના પિતા ૨૦૦૩ ના વર્ષમાં અવસાન પામેલ હોવાનું રેકર્ડ ઉપર આવતું હોય અને ૨૦૨૧ ના વર્ષમાં હાલનો દાવો દાખલ થયેલ હોય એટલેકે આશરે ૧૮ વર્ષ બાદ હાલનો દાવો દાખલ કરવામાં આવેલ છે અને ૧૮ વર્ષ સુધી વાદીને કબજા ભોગવટાની કોઈ પણ પ્રકારે કોઈ પણ ઓથોરિટી સમક્ષ પડકારવામાં આવેલ નથી જેથી જ્યારે સૌપ્રથમ અત્રેની અદાલતમાં પ્રતિવાદીનો કબજો ભોગવટો પડકારવામાં આવેલ છે. ત્યારે પ્રતિવાદીએ તેની સામે પ્રતિદાવો દાખલ કરેલ છે. એટલેકે હાલના કામે રજૂ દાવાને સમયમર્યાદાનો બાધ નડતો હોય તેવું સ્પષ્ટપણે જણાઈ આવે છે. જ્યારે પ્રતિવાદીના પ્રતિદાવાને કોઈ પણ પ્રકારે સમયમર્યાદાનો બાધ નડતો નહી હોવાનું રેકર્ડ ઉપરથી સ્પષ્ટ થાય છે. **જેથી મુદ્દા નંબર–૩નો જવાબ નકારમાં આપવામાં આવે છે.**

(૧૨) મુદ્દા નંબર–૪ પરત્વે નોંધવાનું કે વાદીએ પોતાની દાવા અરજીના પેરા–૯ માં દાવાની દાદ માંગેલ છે તેમાં તેઓએ પ્રતિવાદીનો કબજો ગેરકાયદેસરનો છે, તેવું ઠરાવવાનું અને પ્રત્યક્ષ કબજો પ્રતિવાદીને સોંપી દે તે મુજબની દાદ માંગેલ છે પરંતુ હાલનો દાવો ઉપર ચર્ચા કરી તે મુજબ વાદીના પિતાના ગુજરી ગયા બાદ ૧૮ વર્ષ પછી લાવવામાં આવેલ છે. આમ, વાદી હાલનો દાવો સમયમર્યાદામાં કોર્ટ સમક્ષ લાવેલ નથી. વધુમાં પ્રતિવાદીનો કબજો

ગેરકાયદેસરનો છે તેવું પણ વાદી સાબિત કરી શકેલ નથી. જેથી હાલના દાવાના કામે માંગ્યા મુજબની કોઈ પણ દાદ મેળવવા વાદી હક્કદર નહી હોવાનું જણાઈ આવે છે. **જેથી મુદ્દા નંબર–૪નો જવાબ નકારમાં આપવામાં આવે છે.**

(૧૩) મુદ્દા નંબર–૫ પરત્વે નોંધવાનું કે, દાવાવાળી મિલકતના વેચાણ કરારના આધારે દાવાવાળી મિલકતનો રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી અપાવવાની દાદ મેળવવા પ્રતિવાદી હક્કદાર છે. જે અંગે નોંધવાનું કે, આંક–૩૭ વાળો વેચાણ કરાર જમીનના મુળ માલિક એવા વાદીના પિતા અને પ્રતિવાદી વચ્ચે થયેલ હોવાનું આંક–૫૪ તથા આંક–૬૩ ના સાક્ષીનાઓની જુબાનીથી સ્પષ્ટપણે સાબિત થાય છે અને વેચાણ કરારને કાયદેસર રૂપ આપવું ભવિષ્યમાં કોઈ પણ પ્રકારની તકરાર ન થાય તે માટે પણ જરૂરી જણાતુ હોય દાવાવાળી મિલકતનો આંક–૩૭ વાળા વેચાણ કરારના આધારે દાવાવાળી મિલકત રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી અપાવવાની દાદ મેળવવા પ્રતિવાદી હક્કદાર હોવાનું જણાઈ આવે છે. **જે ધ્યાને લઈ મુદ્દા નંબર–૫ નો જવાબ હકારમાં આપી** મુદ્દા નંબર–૬ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવો ન્યાયના હિતમાં ઉચિત જણાય છે.

## –:: <u>આ ખ રી હુ ક મ</u> ::–

(૧) આથી વાદીનો હાલનો દાવો નામંજુર કરવામાં આવે છે.

(૨) જ્યારે પ્રતિવાદીનો પ્રતિદાવો આથી મંજુર કરવામાં આવે છે.

(૩) આથી દાવાવાળી મિલકતના આંક–૩૭ ના વેચાણ કરારના આધારે દાવાવાળી મિલકતનો રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપવાનો આથી વાદીને હુકમ કરવામાં આવે છે.

(૪) દાવાનો ખર્ચ વાદીએ ભોગવવો.

(૫) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

આ હુકમ આજરોજ તારીખ ૧૩ મી, માહે–માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:વસો
તા.૧૩– ૦૩ –૨૦૨૬

(સૌમિત્ર સુબોધભાઈ ત્રિવેદી)
મુખ્ય સીવીલ જજ, વસો
(કોડ નં.જી.જે.૦૧૪૨૫ )